Since 1925...
જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ • અંક : ૧૮ • તા. ૨ મે થી ૮ મે ૨૦૧૫ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-17





આદીનાથ દાદા

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ
## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, સાંધવ
## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ, ભાંડુપ

ના નેજા હેઠળ

# મુમુક્ષુ હેતલબેન

## નો ભવ્યાતી ભવ્ય દીક્ષા મહોત્સવ

સોમવાર, તા. ૨૦/૪/૨૦૧૫ થી
શુક્રવાર, તા. ૨૪/૪/૨૦૧૫

**નિશ્રા દાતા**

સાહિત્ય દિવાકર, રાજસ્થાન-દક્ષિણદીપક, સૌમ્યસ્વભાવી
પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.







## નૂતન દીક્ષાર્થી પ. પૂ. સાધ્વીશ્રી હિરગુણાશ્રીજી મ.સા. ને જન્મ દિવસે વધાઈ...





વૈ. સુદ છઠ ને શનીવાર તા. ૬.૫.૧૯૯૫ ના આપ પૃથ્વી પર પધાર્યા. સાહેબ કેવો સુલભ સંયોગ ! એ જ વૈ. સુદ છઠ ના આપશ્રી એ દીક્ષા ગ્રહણ કરી. અમારે મન એ ઘડી જ પ્રથમ જન્મદિન !

આપે રજોહરણ ગ્રહણ કર્યું અને અમને હજારોના સમુદાય વચ્ચે રત્નકુક્ષી માતા - પિતા નું બિરૂદ પ્રાપ્ત થતાં અમારો જન્મ પણ સાર્થક થયો. સાહેબ, આપ પ્રભુવીર ના હિર થયાને ધવલ ચીર ધારણ કરતાં અમને અઢળક ખીર મળી !

"પ્રથમ જન્મ અને સંયમ "દિને આપને વધાઈ આપીએ છીએ. આપ એવા ત્યાગી બનો જેમાં વિનય, વિવેક અને વર્તનનો ધબકાર હોય. જીવન કરૂણા અને કૃતજ્ઞતાએ કંડારેલ હોય. વિહારે ભલેને રણ મળે પણ અંત પર્યંત વિચરી શકો, આપને તેવા ચરણ મળો. ભલેને સામે પહાડ મળે, એને પણ પાર કરી શકો તેવા હાડ મળે!

અમને આનંદ છે કે આપ વરને નહીં જિનવર ને વર્યા. સંસાર ના માંડતા જિનશાસન ને સમર્પિત થયા. પરાયા ગૃહે નહીં, પરમ ના ગૃહે પ્રવેશ કર્યો. જેની અમને "લહેર" છે. સંયમે આપ શતાયુ રહો.

દીક્ષા અવસરે પધારેલ આચાર્ય ભગવંત, ગીવર્ય, સર્વ શ્રમણ - શ્રમણીઓ યતીશ્રી, શ્રી સંઘો, મહાજનો, સગા - સંબંધીઓ, મિત્રો, ગામાઈઓ તથા નિયાણીઓ આપનો આભાર. જાણતાં - અજાણતાં ક્યાં પણ અગવડ પડી હોય. સરભરા ના થઈ હોય તો ક્ષમા કરશોજી.

લી. સંયમ શુભેચ્છાએ

માતા - પિતા : મીના બેન મણિલાલ ખોના

બહેન : હીરલ અને બીના

તથા

મા. જવેરબેન પદમશી ખોના સહપરિવાર-સાંધવ

મા. લાખબાઈ દેવજી ગોસર સહપરિવાર - બાયઠ



પ્રસન્ન મુદ્રામાં આશીર્વાદ આપતા આ. ભગવંત



દીક્ષા સમયે આચાર્ય ભગવંત, ગણીવર્ય, મુની ભગવંતો અને યતીશ્રી



સાધ્વીજી ભગવંતો



આશીર્વાદ આપતા યતિશ્રી મોતીસાગરજી મ.સા.

**આદ્યતંત્રીઓ**
**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશમીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 18/2015**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# ધર્મ નું નિમિત્ત સામાજિક ઐક્યની ફલશ્રુતિ

કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ સમજદારોની જ્ઞાતિ તરીકે વખણાઈ તેનું મુખ્ય કારણ સમય સમય પર આવશ્યક બાબતો અંગે અસરકારક પરિણામ આપનાર નિમિત્ત શોધી શકવાની તેની કોઠાસૂઝ છે.

જ્ઞાતિના મુંબઈમાંના સમાજ જીવનનો પ્રારંભ શ્રી અનંતનાથજી જિનાલય જે મૂળે ઘર દેરાસર હતું તેને વ્યવસ્થિત દેરાસરનું રૂપ આપવા માટે જ્ઞાતિજનો એકત્રિત આવ્યા ત્યાંથી / ત્યારથી થયો. આમ નિમિત્ત ભલે ધાર્મિક હોય તેની ફલશ્રુતિ સામાજિક ઐક્ય રૂપે આવી.

આવું જ કાંઈ અત્યારે ૧લી એપ્રિલ ૨૦૧૫ થી બની રહ્યું છે. આગલા પાંચ વર્ષોમાં ઘણું ઘણું થયું પણ સમાજની અપેક્ષાઓ અને જ્ઞાતિની મોભી સંસ્થાઓનું સંચાલન કરનારાઓની કાર્યપદ્ધતિ કંઈક વિશેષ પ્રકારની હોઈ સમુદાય એક ડગલું આગળ વધ્યો છે કે બે ડગલા પાછળ હટ્યો છે એ બાબત કાંઈ નિશ્ચિત કહી શકાય તેવું નથી.

આવા સમયે જ્ઞાતિની મોભી સંસ્થાનું સંચાલન સંભાળનારાઓએ ધાર્મિક નિમિત્તોથી સામાજિક ઐક્ય સાધવાની મુંબઈમાં સમુદાયના સમાજ જીવનનો પ્રારંભ કરવા વખતે સફળતાપૂર્વક અજમાવાયેલી રણનીતિથી કર્યો એ ખરેખર શાણપણ સૂચવતી વાત છે.

અલબત્ત આ તબક્કે એક ટકોર કરવાની જ્ઞાતિના હિતમાં આવશ્યક બને છે કે આ રણનીતિમાં લાંબા સમય સુધી પૂરાઇ ન રહેતાં મૂળ વસવાટ સમાન મસ્જિદ બંદર વિસ્તારનું કલ્સ્ટર પદ્ધતિએ રીડેવલપમેન્ટ, કાંજૂરમાર્ગ-ભાંડુપ ખાતેની મિલકતોનો વિકાસ, ડૉંબિવલી-કલ્યાણ સાઈડ મોટી રહેઠાણ યોજના આદિ પૂર્ણપણે સામાજિક બાબતો માટે ય શક્ય એટલા વહેલા, મોડામાં મોડા છ મહિનામાં સક્રિય થવું એ જ્ઞાતિ ગરિમાની જાળવણી માટે અતિ આવશ્યક છે.

સમજદારને ઈશારો કાફી હોય 'મહા'જનોને વધુ શું કહેવાનું હોય......

ચંદ્રસેન મોમાયા

## ૧લી મે થી (અંક નં. ૧૮ થી) જાહેરાતનાં દરો

**પ્રકાશ–સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | બ્લેક–વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

**ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા**

વિશેષમાં નોંધ લેવા વિનંતી કે ઉક્ત દરો સર્વે માટે, મહાજન કે સંસ્થાઓ સહિત સમાન રહેશે. ફક્ત નીચેના સંજોગોમાં ડિસ્કાઉન્ટ અપાશે : ઓછામા ઓછા પા પાનની ૧) દશ જાહેરાત આપનારને ૧૦% ડિસ્કાઉંટ, ૨) પચ્ચીસ જાહેરાત આપનારને ૧૫% ડિસ્કાઉંટ, ૩) બધા અંકોમાં જાહેરાત આપનારને ૨૦% ડિસ્કાઉંટ. આ ડિસ્કાઉંટનો લાભ મેળવા ઈચ્છુકોએ જાહેરાતની સંપૂર્ણ રકમ અગોતરી (એડવાન્સ) ચૂકવવાની રહેશે.

આ ઉપરાંત લવાજમમાં પણ પ્રેસ રજીસ્ટ્રારના દફતરે યોગ્ય વિધિ કર્યા પશ્ચાત વધારો થશે જે વાર્ષિક રૂા. ૨૦૦/- થશે.

**તંત્રી નોંધ :** આ અંકને પ.પૂ. હિરગુણાશ્રીજી મ.સા. દીક્ષા વિશેષાંક પૂર્તિ બનાવવા માટે સામાન્ય રીતે આવતી મર્યાદિત સામગ્રી લઈ શકાઈ છે. તે બદલ દર ગુજર કરશો.

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ
# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, સાંધવ
# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ, ભાંડુપ

## અનુમોદના – આભાર – મિચ્છામિ દુક્કડં

**તુજ કરુણાની લહેરે રે, મુજ કારજ સરે,**
**મનોવાંછિત ફળીયા રે, તુજ આલંબને....**

કરુણા સિંધુ, ત્રિભુવન નાયક, રાજ રાજેશ્વર, શ્રી સિધ્ધાચલ મંડન, આ ચોવિસીના પ્રથમ તીર્થંકર, યુગાદિદેવ, ભાંડુપ નગરના નાયક આદિનાથ દાદાની અસીમ કૃપાથી મુંબઈ મહાજનની સભ્ય, સાંધવ ગામ ની નીચાણી અને ભાંડુપની સુપુત્રી કુ. **હેતલ મણીલાલ ખોના** સાંધવની દીક્ષાનો ભવ્યાતિભવ્ય મહામહોત્સવ, તા. ૨૦/૪/૧૫ થી ૨૪/૪/૨૦૧૫ ના સુપેરે ઉજવાઈ ગયો.

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ, ભાંડુપના નાના છોકરાઓથી લઈ વડિલોના ઉત્સાહ, ઉમંગ અને સર્વે કાર્યકર્તાઓના Time Management, સચોટ Planning, વડિલો તરફથી માર્ગદર્શનના લીધે સંઘ પ્રવૃત્તિના મુગટમાં એક સુર્વણ પીછું ઉમેરાઈ ગયું.

પ.પૂ. અચલ ગચ્છાધિપતિશ્રીના આશીર્વાદ, પ.પૂ. આ.ભ. કલાપ્રભસાગર સૂરીશ્વરજી, ગણીવર્ય, મૂનિ ભગવંતોની નિશ્રા, વરિષ્ઠ સમિતિ સહ વિવિધ સમિતિઓની રચના, પ.પૂ. સાધ્વીજીઓ દ્વારા માર્ગદર્શન અને નિશ્રા, યતિશ્રી મોતીસાગરજી મ.સા. અને નવકાર મંત્ર આરાધક, વર્ષીતપધારક નરેન્દ્રભાઈ નંદુ અને મેઘ નંદુ દ્વારા વિશેષ સલાહ-સુચન મળવાથી આ દીક્ષા પ્રસંગ ઘણી રીતે અદ્વિતિય બની રહ્યો.

મુમુક્ષુના પરિવાર માતુશ્રી ઝવેરબાઈ કલ્યાણજી ખોના સહ અન્ય લાભાર્થી પરિવાર માતુશ્રી ભચીબાઈ હરશી નાગશી લોડાયા દ્વારા સામેથી અનુદાનની રકમ આવવાથી સર્વે કાર્યકર્તાઓમાં ઉમંગ - ઉત્સાહ ની લાગણી છવાઈ ગઈ. દાતાઓની દીલેરીની અનુમોદના.

સાંધવ ગામની પહેડી-પ્રસંગે પ્રમુખશ્રી શામજી નરશી દંડની મહેનત રંગ લાવી અને સારી એવી રકમની આનીઓ એકત્રીત થઈ.

ભાંડુપ ના વિવિધ મંડળો એ આપણી દીકરીની દીક્ષાનો પ્રસંગ છે, ચડિયાતો જ થવો જોઈયે. એવી હૃદયની લાગણીના સ્પંદને પ્રસંગ ખરેખર દીપી ઉઠ્યો.

મુમુક્ષુ દ્વારા મહોત્સવના પ્રથમ દિને આદીનાથ જિનાલયનું દ્વાર ઉદ્ઘાટન, સાધ્વીજી દ્વારા માંગલિક બાદ આદીનાથ દાદાના અખંડ ધારાએ અભિષેક થયા અને સંગીતમય સાથ હતો અનંત મિત્ર મંડળના સંગીત કલાકારોનો. નવકારશી બાદ સ્નાત્રપૂજા અને બપોરના સમાયિક વખતે ભાષ્ય જાપથી નરશી નાથા સભાગૃહ ગુંજી ઉઠ્યું.

રાત્રે ભક્તિભાવના મંડળ દ્વારા આદિનાથ પરમાત્માની બેનમુન ભક્તિ થઈ.

મહોત્સવના બીજા દિવસે આદીનાથ દાદાનું ઈક્ષુરસથી પક્ષાલ થયું અને ત્યાર બાદ સર્વે સમુહ વર્ષીતપના પારણામાં જોડાયા. બપોરના મોટી પૂજા શ્રી કચ્છી દશા ઓશવાલ મહિલા મંડળ - ભાંડુપ ની બહેનો દ્વારા અને રાત્રે અચલગચ્છ અધિષ્ટાયિકા મહાકાલી માતાની ભાવના સંગીતના સુર સાથે અનંત મિત્ર મંડળ દ્વારા ભણાવવામાં આવી.

મહોત્સવના ત્રીજા દિવસે આચાર્ય ભગવંત

કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા., ગણીવર્યશ્રી કવીન્દ્રસાગરજી મ.સા., મૂની ભગવંતો - સાધ્વીજી ભગવંતો અને યતિશ્રી મોતીસાગરજી મ.સા.નું ભવ્યતિભવ્ય સામૈયુ ઈશ્વરનગરથી થયું, ભાંડુપના શ્રાવક-શ્રાવિકાઓ અને બાળકોમાં અનેરો ઉત્સાહ હતો. બેડા ગહુંલી, ઢોલ-બેન્ડ સાથે ઉત્કૃષ્ટ ભાવે સામૈયુ  થયું. સામૈયામાં શ્રાવક - શ્રાવિકાઓ - બાળકોની સારી હાજરી, આચાર્ય ભગવંત ઉપર છત્રના કારણે સામૈયું દીપી ઉઠ્યું હતું. આ. ભગવંત તથા મુમુક્ષુ હેતલબેનના કંકુ પગલા થયા. આદિનાથ દાદાના ચૈત્યવંદન બાદ, જ્ઞાન-દર્શન-ચારિત્રના ઉપકરણોનું ભવ્ય Exhibitionsનું ઉદ્‌ઘાટન નવનિર્વાચિત મુંબઈ મહાજનના પ્રમુખ શ્રી કલ્પેશભાઈ મોતા તથા અખિલભારત અચલગચ્છ સંઘના પ્રમુખ શ્રી શામજી નરશી દંડ ના હસ્તે થયું. ત્યાર બાદ સાહેબશ્રી દ્વારા માંગલીક અને લાભાર્થી પરિવાર દ્વારા સોનાની ગીનીથી ગુરૂપૂજન કરવામાં આવ્યું. નવકારશીનો લાભ આપ્યા બાદ શ્રી કેશવજીભાઈ ધારશી ગડા - વિધિકારના સથવારે શ્રી સિધ્ધચક્ર પૂજન શરૂ થયું. દીક્ષાર્થી પરિવારના આમંત્રિત મહેમાનો અને ભાંડુપ સહ મુંબઈના જ્ઞાતિજનોની વખાણવા લાયક હાજરીથી વાતાવરણ ધર્મમય બની ગયું. મુમુક્ષુ તેમના પરિવારજનો સહ જ્ઞાતિજનોએ અકલ્પનીય હાજરીથી દરેક ક્ષણ ને ઐતિહાસિક બનાવી દીધી. બપોરના મુમુક્ષુ ના કપડા/મુહપતી રંગવાના કાર્યક્રમમાં આ ભગવંત, ગણીવર્ય, મુનિરાજ અને સાધ્વીજી ભગવંતોની હાજરીથી સમગ્ર વાતાવરણ ચેતનામય બની ગયું. કેશરના છાંટણા મુમુક્ષુના કપડા ઉપર અને સ્વસ્તિકના સાથિયા પૂરવાનો લાભ સહુને મળ્યો.  સહુ આ ઐતિહાસિક ક્ષણ ના સાક્ષી બન્યા. ચૌવિહાર બાદ પ્રભુની ભાવના અને ત્યાર બાદ આપણા જ બાળકોનો દીક્ષાના Theme ઉપર ગીત-સંગીત, નૃત્ય નાટિકાથી પ્રેક્ષકો વાહ વાહ પોકારી ગયા. એકથી એક ચડિયાતા કાર્યક્રમ જોઈ ઈનામના વરસાદ વરસી પડ્યા.

મુમુક્ષુઓ દ્વારા મહોત્સવના ચર્તુથ દિવસે નવકારશી બાદ સવારે વર્ષીદાનની શોભાયાત્રા કાઢવામાં આવી. અરિહંત પરમાત્માને રથ ઉપર બિરાજમાન કરવામાં આવ્યા. બેન્ડ, અનુકંપા દાનની ગાડી, નાનાં ભુલકા કલાકારો માટે લોરીની વ્યવસ્થા, દાતા-દાતાશ્રી પરિવાર માટે બગ્ગી, ચારિત્ર ના મૂળ સમાન ‘‘ઓઘા’’ના દર્શન, વગેરેથી આખી શોભાયાત્રા વખાણવા લાયક બની. અચલગચ્છમાં થોડાક જ દિવસોમાં દીક્ષા લેનાર મધુબેન, નેહલબેન અને રેશાબેન પણ હેતલબેનની સાથે વર્ષીદાનમાં જોડાયા. આ ભગવંતને પાલખી માં બેસાડવામાં આવ્યા. આ દર્શનીય દ્રશ્ય જોઈ સહુ ભાવ વિભોર થઈ ગયા. પાલખી ઉપાડવામાં શ્રાવકો ઉત્સાહભેર જોડાયા. રસ્તામાં વરીયાળી પાણીનું પાન કરી, સહુ સભાગૃહમાં એકત્રિત થયા. આ. ભગવંત, ગણીવર્ય અને મૂનિ ભગવંતોનું પ્રાસંગિક વ્યાખ્યાન અને મુમુક્ષુઓના પ્રાસંગિક ઉદબોધન થયાં. મહેમાન મુમુક્ષુઓનું હેતલબેન તથા અન્ય મહેમાનો દ્વારા બહુમાન કરવામાં આવ્યું. ત્યાર બાદ દીક્ષાના ઉપકરણોની છાબ ભરવામાં તથા મુમુક્ષુના કેશ (ચગ) બંધન કરવામાં આવ્યા. પ્રાયઃ આ. ભગવંત, મૂનિરાજ અને એકત્રીત જ્ઞાતિજનોની આ કાર્યક્રમમાં હાજરી નથી રહેતી, પણ સર્વેની હાજરી થી આ સંપૂર્ણ કાર્યક્રમ અવર્ણનીય અને અજરામર બની ગયો. આ. ભગવંત ખુબજ ખુશ થયા. અને કાર્યક્રમના અધિકારીઓ, કાર્યકર્તાઓને અંતરના આશીર્વાદ આપ્યા. બપોરના સાર્ધમિક ભક્તિ બાદ અનંતસિધ્ધિના રહેવાસીઓ, અન્ય સંસ્થાઓ, મંડળ તરફથી હેતલબેનનું બહુમાન અનુમોદન કરવામાં આવ્યું. સંસારનો છેલ્લો કોળીયો આરોગ્યા બાદ રાત્રે નવકાર મંત્ર અને વર્ષીતપ આરાધક નરેન્દ્રભાઈ નંદુ અને મેઘ નંદુના સહયોગે ભવ્યાતિભવ્ય મુમુક્ષુ વિદાય સમારંભ રાખવામાં

આવ્યો હતો.

નરેન્દ્રભાઈ નંદુની હૃદયસ્પર્શી, ભાવવાહી અને ધાર્મિક વાણીથી સૌની આંખો નમ થઈ ગઈ. આપણી વચ્ચે રમતી, હસતી, યુવાન-ભણેલી-ગણેલી સુંદર યુવતી આ મોહમય સંસારને છોડી મહાવીરના પંથે જઈ રહી છે, આ વાત ઘણા લોકોને પજવતી રહી હતી પણ માતા-પિતા-દાદી-બહેન ને મળ્યા બાદ મુમુક્ષુ હેતલબેન નું અવર્ણનીય પ્રવચન સાંભળી સહુએ અશ્રુભરી આંખે તેને વિદાય આપી. ઝળહળતા દિવા વચ્ચે - રૂડા રાજમહેલને ત્યાગી હેતલ ચાલી દીક્ષા લેવા....

મહોત્સવના પાંચમાં દિવસે વહેલી સવારે મુમુક્ષુ દ્વારા દાદાની પક્ષાલપૂજા, સ્નાત્ર ભણાવ્યા બાદ શુભ ચોઘડીયે, મુમુક્ષુએ ગૃહત્યાગ કર્યા બાદ આદિનાથ દાદાના સંસારીક વેશમાં છેલ્લા દર્શન કરી, ગુરૂ મહારાજને વંદના કરી લગભગ ૧૦૦૦ થી ઉપર ધર્મપ્રેમી ભાવિકોને બેઠું વર્ષીદાન આપ્યું. અને ત્યાર બાદ ભાઈ-બહેનો દ્વારા ડોલીથી સંયમ સુવાસ નગરી તરફ વિદાય થયા. સંયમ સુવાસ નગરીમાં આ. ભગવંત, ગણીશ્રી ભગવંતો, યતિશ્રી, મુની ભગવંતો અને સાધ્વીજી તથા જ્ઞાતિજનો, વિવિધ સંસ્થા, સમાજ મંડળના સભ્યો, હોદેદારોની શિસ્તબધ્ધ અને અકલ્પનીય હાજરી વચ્ચે, મંત્રોચ્ચાર ની કર્ણપ્રીય સૂરાવલી એ મુમુક્ષુ ને ઓઘો અર્પણ થયો.

મુમુક્ષુના માતા-પિતાએ પણ દિકરી પાસેથી મહતા જાણી, ચર્તુથ વ્રત અંગિકાર કર્યું. ઉપરણોના ચડાવા થયા. ભચીભાઈ હરશી નાગશી લોડાયાએ મુહપતીનો ચડાવો, જે પોતાના પરિવારને લાભાર્થી પરિવાર તરીકે મળ્યો હતો તે સાધુ-સાધ્વીજી વૈયાવચ્ચનું મહત્વ સમજી, ચડાવો લેવા કહ્યું અને આ સર્વે ચડાવાની રકમ અખિલ ભારત અચલગચ્છ સંઘમાં હેતલબેનની દીક્ષા નિમીતે ફંડ રૂપે જમા થશે અને વૈયાવચ્ચમાં વખતો વખતે જાવજીવત વપરાશે. સહુ જ્ઞાતિજનો લાભ લઈ શકે તે માટે એક આનીના રૂા. ૫૦૦/- પ્રમાણે લગભગ ૮૦૦ આનીનો ઉદારદિલે જ્ઞાતિજનો સહ ભક્તજનોએ લાભ લીધો. વેશ પરિવર્તન બાદ અને ‘‘કરેમી ભંતે’’ના ઉચ્ચારણ બાદ આચાર્ય ભગવંત આગળથી નામ લઈ અખિલભારત અચલગચ્છ સંઘના પ્રમુખ શામજીભાઈએ **હિરગુણાશ્રીજી** એવા નામનું ઉચ્ચારણ કર્યું. ત્યાર બાદ નવ દિક્ષિતની વિદાય થઈ.

નવ દિક્ષિત સહ અન્ય સાધ્વીજી ભગવંતોઓ વિહાર શરૂ કર્યો. સાંજના ૫ કલાકે લગભગ ૩૦૦ જણાની હાજરી વચ્ચે સ્થાન પરિવર્તન માટે થાણા વિહાર કર્યા. થાણામા ઘણા જ ભાગ્યશાળીએ નવદિક્ષિત સાધ્વીજી પાસેથી ધર્મમય પચ્ચખાણ લીધા.

મુંબઈ મહાજનના આંગણે ૩૫ વર્ષ બાદ આ દીક્ષાનો પ્રસંગ હતો. જ્ઞાતિજનોએ ઉમંગભેર ધર્મમય રીતે માણયો. અકલ્પનીય હાજરી વચ્ચે શીસ્ત એ મહામુલુ ઘરેણું હતું. સર્વ જ્ઞાતિજનોને ધન્યવાદ !

સાધુ-સાધ્વી વૈયાવચ્ચ માટે બ્હેનો-બાળકોએ સહૃદયપૂર્વક કાર્ય કર્યુ........ ધન્યવાદ. ગહુંલી બેડા, વર્ષીદાનની સામગ્રી માટે સર્વે કાર્યકર્તાઓનો આભાર.

સંપૂર્ણ કાર્યક્રમ ***5 Star Caterer***ની કામગીરી વખાણવા લાયક હતી. હાજરીની કલ્પના કરી ન શકાય, તેવા વાતાવરણ વચ્ચે, સહુને સંતોષકારાક ભાવતા ભોજન જમાડ્યા તે બદલ ધન્યવાદ.

સર્વે કાર્યકર્તાઓનો નામોલેખ શક્ય ન હોતા સર્વે નો હૃદયપૂર્વક આભાર. પધારેલા સૌ જ્ઞાતિજનો ને ક્યાંય મનદુઃખ થયું તો ભૂલ-ચૂક માટે ક્ષમા પ્રાર્થીએ છીયે.

લિ.
શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ
શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, સાંઘવ
શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ, ભાંડુપ

જય જય શ્રી આદીનાથ



# ભાંડુપ આદીનાથ દાદાના દરબારે અચલગચ્છ શ્રીસંઘના સંયમીઓ

| | | |
|---|---|---|
| ૧ | શ્રી દામજી લાલજી બોરીચા સહપરીવારે (૧) | મુનીશ્રી દર્શનસાગરજી મ.સા. |
| ૨ | કુમાર બિપીન દામજી બોરીચા (૨) | મુનીશ્રી વિનયરત્નસાગરજી મ.સા. |
| ૩ | હરીશ દામજી મૈશેરી - રાપરગઢવારી | મુનીશ્રી હરીભદ્રસાગરજી મ.સા. |
| ૪ | કાંતીભાઇ દામજી સાવલા - બાડા | મુનીશ્રી કમલપ્રભસાગરજી મ.સા. |
| ૫ | કુમાર સચિન રમેશ દેઢીયા - બગડા | મુની ગુણવલ્લભસાગરજી મ.સા. |
| ૬ | માતુશ્રી લક્ષ્મીબેન દામજી બોરીચા (૩) | સાધ્વીશ્રી અનંતપૂર્ણાશ્રીજી મ.સા. |
| ૭ | કુમારી દિવ્યાબેન દામજી બોરીચા (૪) | સાધ્વીશ્રી દિવ્યપૂર્ણાશ્રીજી મ.સા. |
| ૮ | માતુશ્રી નેણબાઇ લાલજી - લાલા | સા. શ્રી નિત્યાનંદશ્રીજી મ.સા. |
| ૯ | વાલબાઇ શામજી, સુજાપુર | સા. વિમલયશાશ્રીજી મ.સા. |
| ૧૦ | કુ. મીનાબેન વેલજી ત્રીકમજી ધરમશી - જસાપુર | સા. શ્રી મૌનગુણાશ્રીજી મ.સા. |
| ૧૧ | માતુશ્રી ગુણવંતીબેન જેઠાભાઇ લાપસીયા, બાયઠ-સાંયરા | સા. શ્રી ગુણમાલાશ્રીજી મ.સા. |
| ૧૨ | કુમારી હેમલતા જેઠાલાલ લાપસીયા | સા. શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. |
| ૧૩ | કુમારી તરલાબેન દામજી સાવલા - બાડા | સા. શ્રી તીર્થગુણાશ્રીજી મ.સા. |
| ૧૪ | તિલકસુંદરી મુરજી ધારશી - કોઠારા | સા. શ્રી તીર્થકિરણાશ્રીજી મ.સા. |
| ૧૫ | કુ. વિમલા દામજી લોડાયા - સાંયરા | સા. શ્રી વિમલકિરણાશ્રીજી મ.સા. |
| ૧૬ | કુમારી રમીલાબેન ચનાભાઇ છેડા - ગોધરા | સાધ્વીશ્રી રક્ષગુણાશ્રીજી મ.સા. |
| ૧૭ | કુમારી વર્ષાબેન ખેતશી દેઢીયા - લાયજા | સાધ્વીશ્રી વિનયગુણાશ્રીજી મ.સા. |
| ૧૮ | કુમારી કલ્પાબેન ઉમરશી નાગડા - નરેડી | સાધ્વીશ્રી કોમલગીરાશ્રીજી મ.સા. |
| ૧૯ | લતાબેન - તલવાણા | સાધ્વીશ્રી અનંતરત્નાશ્રીજી મ.સા. |
| ૨૦ | નીલમબેન | સાધ્વીશ્રી નિપુણરત્નાશ્રીજી મ.સા. |
| ૨૧ | હર્ષાબેન તિમીર ગાલા - નાના આસંબીયા | સા. શ્રી હેતગુણાશ્રીજી મ.સા. |
| ૨૨ | કસ્તુરબેન | સાધ્વીશ્રી ભાવિતરત્નાશ્રીજી મ.સા. |
| ૨૩ | કુ. કાજલ નરેન્દ્ર લોડાયા - સાંયરા | સા. શ્રી કલ્પકિરણાશ્રીજી મ.સા. |
| ૨૪ | કુમારી રિન્કી રમેશ દેઢીયા - બગડા | સાધ્વીશ્રી તીર્થંકરગુણાશ્રીજી મ.સા. |



# આદીનાથ દાદા દરબારે ભાંડુપના સંયમીઓ



| | | |
|---|---|---|
| ૧ | શ્રી હરીશ દામજી મૈશેરી - રાપરગઢવારી | મુનીશ્રી હરીભદ્રસાગરજી મ.સા. અચલગચ્છ |
| ૨ | શ્રી કાંતીલાલ દામજી સાવલા - બાડા | મુનીશ્રી કમલપ્રભસાગરજી મ.સા. અચલગચ્છ |
| ૩ | દામજી લાલજી બોરીચા સહપરિવારે (૧) - સાભરાઈ | મુનીશ્રી દર્શનસાગરજી મ.સા. અચલગચ્છ |
| ૪ | કુમાર બિપીન દામજી બોરીચા (૩) - સાભરાઈ | મુનીશ્રી વિનયરત્નસાગરજી મ.સા. અચલગચ્છ |
| ૫ | કુમાર સચિન રમેશ દેઢીયા - બગડા | મુનીશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા. અચલગચ્છ |
| ૬ | મા. નેણબાઈ લાલજી લાલકા - લાલા | સા. શ્રી. નિત્યાનંદશ્રીજી મ.સા. અચલગચ્છ |
| ૭ | વાલબાઈ શામજી - સુજાપુર | સા. શ્રી. વિમલયશાશ્રીજી મ.સા. અચલગચ્છ |
| ૮ | કુ. મીનાબેન વેલજી ધરમશી - જસાપુર | સા. શ્રી. મૌનગુણાશ્રીજી મ.સા. અચલગચ્છ |
| ૯ | મા. શ્રી ગુણવંતીબેન જેઠાલાલ લાપસીયા - સાંયરા, બાયઠ | સા. શ્રી. ગુણમાલાશ્રીજી મ.સા. અચલગચ્છ |
| ૧૦ | કુ. હેમલતા જેઠાલાલ લાપસીયા | સા. શ્રી. હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. અચલગચ્છ |
| ૧૧ | શ્રી તરલાબેન દામજી સાવલા - બાડા | સા. શ્રી તીર્થગુણાશ્રીજી મ.સા. અચલગચ્છ |
| ૧૨ | તિલકસુંદરી મુરજી ધારશી - કોઠારા | સા. શ્રી. તીર્થકિરણાશ્રીજી મ.સા. અચલગચ્છ |
| ૧૩ | મા. લક્ષ્મીબેન દામજી બોરીચા (૨) - સાભરાઈ | સા. શ્રી. અનંતપૂર્ણાશ્રીજી મ.સા. અચલગચ્છ |
| ૧૪ | કુ. દિવ્યાબેન દામજી બોરીચા (૪) - સાભરાઈ | સા. શ્રી. દિવ્યપૂર્ણાશ્રીજી મ.સા. અચલગચ્છ |
| ૧૫ | કુ. વિમલા દામજી લોડાયા - સાંયરા | સા. શ્રી. વિમલકિરણાશ્રીજી મ.સા. અચલગચ્છ |
| ૧૬ | કુ. રમીલાબેન ચનાભાઈ છેડા - ગોધરા | સા. શ્રી. રક્ષગુણાશ્રીજી મ.સા. અચલગચ્છ |
| ૧૭ | કુ. વર્ષાબેન ખેતશી દેઢીયા - લાયજા | સા. શ્રી. વિનયગુણાશ્રીજી મ.સા. અચલગચ્છ |
| ૧૮ | કુ. કલ્પના ઉમરશી નાગડા - નરેડી | સા. શ્રી. કોમલગીરાશ્રીજી મ.સા. અચલગચ્છ |
| ૧૯ | લતાબેન | સા. શ્રી. અનંતરત્નાશ્રીજી અચલગચ્છ |
| ૨૦ | નીલમબેન | સા. શ્રી નિપુણરત્નાશ્રીજી અચલગચ્છ |
| ૨૧ | શ્રી હર્ષાબેન તિમીર ગાલા - નાના આસંબીયા | સા. શ્રી હેતગુણાશ્રીજી મ.સા. અચલગચ્છ |
| ૨૨ | કસ્તુરબેન | સા. શ્રી. ભવિતરત્નાશ્રીજી અચલગચ્છ |
| ૨૩ | કુ. કાજલ નરેન્દ્ર લોડાયા - સાંયરા | સા. શ્રી. કલ્પકિરણાશ્રીજી મ.સા. અચલગચ્છ |
| ૨૪ | કુ. રિન્કી રમેશ દેઢીયા - બગડા | સા. શ્રી. તીર્થંકરગુણાશ્રીજી મ.સા. અચલગચ્છ |
| ૨૫ | પરીમલબેન | સા. શ્રી. પ્રમિતગુણાશ્રીજી મ.સા. તપાગચ્છ |

# આદીનાથ દાદા દરબારે ભાંડુપના સંયમીઓ

| | | |
|---|---|---|
| ૨૬ | નયનાબેન | સા. શ્રી. યશોધર્માશ્રીજી મ.સા. તપાગચ્છ |
| ૨૭ | અરૂણાબેન | સા. શ્રી. શાસનયશાશ્રીજી મ.સા. તપાગચ્છ -રામસૂરી |
| ૨૮ | અરૂણાબેન માંગીલાલ | સા. શ્રી. ........... મ.સા. તપાગચ્છ |
| ૨૯ | કુ. પુષ્પાબેન શેષમલ કોઠારી ચાંદરાઈ | સા. શ્રી. પુણ્યહર્ષલતાશ્રીજી મ.સા. તપાગચ્છ |
| ૩૦ | જસવિદ્યાબેન હિંમતલાલ - સાભરાઈ | સા. શ્રી. જયશીલાશ્રીજી મ.સા. તપાગચ્છ |
| ૩૧ | સોનીબેન | સા. શ્રી. સમતાશ્રીજી મ.સા. તપગચ્છ |
| ૩૨ | રાજેષભાઈ | મુનીશ્રી રત્નસેનવિજયજી મ.સા. તપાગચ્છ |
| ૩૩ | ભમરીબેન | સા. શ્રી. ભાવીતરેખાશ્રીજી મ.સા. તપાગચ્છ |
| ૩૪ | કુ. શિલ્પાબેન | સા. શ્રી. નિલપૂર્ણાશ્રીજી મ.સા. તપાગચ્છ |
| ૩૫ | મમતાબેન | સા. શ્રી. મનોજ્ઞલતાશ્રીજી મ.સા. તપગચ્છ |
| ૩૬ | રિષભભાઈ | મુનીશ્રી રિષભજીસ્વામી સ્થા. આઠકોટી |
| ૩૭ | ઈન્દુબેન | સા. શ્રી. અચિંત્યપ્રજ્ઞા મ.સા. તપગચ્છ |
| ૩૮ | નિષાબેન | સા. શ્રી. નિષ્ઠાંજનાશ્રીજી મ.સા. ખરતરગચ્છ |
| ૩૯ | જયસુખ દામજી સાકલચંદ શાહ- મુન્દ્રા | અ. ભ. જયાનંદમુનીજી ખરતરગચ્છ |
| ૪૦ | શીતલ ચંદુલાલ વીરજી બૌઆ | સા. શ્રી. સ્થાનકવાસી મોટી પક્ષ |
| ૪૧ | કુ. વીરપા લાલચંદ કોઠારી - રાજસ્થાન | સા. શ્રી. વૈરાગ્યપ્રજ્ઞાશ્રીજી મ.સા. તપાગચ્છ |
| ૪૨ | મમતાબેન | સા. શ્રી. સુરભીગુણાશ્રીજી મ.સા.<br>વાગડ સમુદાય કલાપૂર્ણસાગરસૂરી મ.સા. |
| ૪૩ | મુક્તાબેન | સા. શ્રી. વિરાગરસાશ્રીજી મ.સા.<br>વાગડ સમુદાય કલાપૂર્ણસાગરસૂરી મ.સા. |
| ૪૪ | નયનાબેન | સા. શ્રી. વિરાગ પૂર્ણાશ્રીજી મ.સા.<br>વાગડ સમુદાય કલાપૂર્ણસાગરસૂરી મ.સા. |
| ૪૫ | જિગરભાઈ | મુનીશ્રી તીર્થતિલક વિજયજી મ.સા.<br>વાગડ સમુદાય કલાપૂર્ણસાગરસૂરી મ.સા. |
| ૪૬ | મયુરભાઈ | મુનીશ્રી તીર્થનમન વિજયજી મ.સા.<br>વાગડ સમુદાય કલાપૂર્ણસાગરસૂરી મ.સા. |
| ૪૭ | મીનાબેન | સા. શ્રી. મગીતાશ્રીજી મ.સા. તપાગચ્છ |

# જૈન સાધુ
## Jain Sadhu

**જૈન સાધુનું જીવન એ સાદગી અને ઉચ્ચ વિચારસરણીનું શ્રેષ્ઠ પ્રતિક છે.**

Jain monk's life is the best example of 'simple living and high thinking'.

**જૈન સાધુઓ પોતાનું જીવન જ્ઞાન-ધ્યાન અને સાધના માટે સમર્પિત કરે છે.**

Jain monk's dedicate their life for knowledge, meditation and Sadhana.

**તેઓ પાંચ મહાવ્રતોનું પાલન કરે છે. પાંચ મહાવ્રતો આ પ્રમાણે છે -**

They practise five great vows of conduct. These five great vows are -

૧. **સર્વથા પ્રાણાતિપાત વિરમણ મહાવ્રત** – મનથી પણ કોઈ પણ જીવને તકલીફ આપવાની ક્રિયામાંથી સંપૂર્ણ નિવૃત્તિ.

1. **Pranatipat Viraman Mahavrata -** Complete refrain from hurting any living being.

૨. **સર્વથા મૃષાવાદ વિરમણ મહાવ્રત** – ખોટા બોલવામાંથી સંપૂર્ણપણે અટકવું... વિરામ પામવું.

2. **Mrushavad Viraman Mahavrata -** Complete refrain from speaking lies.

૩. **સર્વથા અદત્તાદાન વિરમણ મહાવ્રત** – ચોરીના કાર્યમાંથી સંપૂર્ણપણે અટકવું... વિરામ પામવું.

3. **Adattadan Viraman Mahavrata -** Complete refrain from stealing.

૪. **સર્વથા મૈથુન વિરમણ મહાવ્રત** – સર્વ પ્રકારના જાતિય ભોગોમાંથી સંપૂર્ણપણે વિરામ પામવું... સંપૂર્ણ બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવું.

4. **Maithun Viraman Mahavrata -** Not indulging in any sexual activity.

૫. **સર્વથા પરિગ્રહ વિરમણ મહાવ્રત** – જીવન જરૂરીયાતની વસ્તુઓ ઉપર સંપૂર્ણ મર્યાદા રાખવી.

3. **Parigraha Viraman Mahavrata -** Completely limiting one's needs.

જૈન સાધુઓ કેવળ ચાતુર્માસ દરમ્યાન ચાર મહિના એક સ્થાનમાં રહે છે. અન્યથા હમેંશા એક જગ્યાએથી બીજી જગ્યાએ જતા હોય છે. તેઓ કોઈ વાહનનો ઉપયોગ કરતા નથી પણ સર્વ સ્થાને પગેજ ચાલીને જાય છે. જેને વિહાર કહેવામાં આવે છે.



નુતન દીક્ષાર્થી અને અધિકારી વર્ગ



સાધ્વીજી ભગવંતો





આચાર્ય ભગવંત ની ડોલી ઉચકતા ભક્તજનો



વર્ષીદાન શોભાયાત્રા સમયે બાળકો



વર્ષીદાનની શોભાયાત્રા પ્રસંગે મહાનુભાવો



મુમુક્ષુ દ્વારા વર્ષીદાન



મુમુક્ષુ દ્વારા વર્ષીદાન



મુમુક્ષુ દ્વારા વર્ષીદાન



આચાર્ય ભગવંત નું સામૈયુ



મધુબેન (મુમુક્ષુ) ને તીલક કરતાં
હેતલબેન (મુમુક્ષુ)



અખિલભારત અચલગચ્છ (વિ) સંઘ તરફથી મુમુક્ષુ નું અભિવાદન
તિલક કરતાં પ્રમુખશ્રી શામજી નરશી દંડ અને અધિકારીઓ



નુતન દીક્ષાર્થી ને કામળી અર્પણ નો ચડાવો લેનાર
સંઘમાતા કલ્પનાબેન શામજી દંડ પરિવાર, સાંધવ



નુતન દીક્ષાર્થી ને દાંડો અર્પણ નો ચડાવો લેનાર
શેઠશ્રી આણંદજી હીરજી ખોના - સાંધવ - આદીપૂર



નુતન દીક્ષાર્થી ને દંડાસન અર્પણ નો ચડાવો લેનાર
શેઠશ્રી ખિમજી ચત્રભોજ લાલકા-વારાપધ્ધર - આદીપૂર



નુતન દીક્ષાર્થી ને પૂંજણી ત્થા સુપડી અર્પણ નો ચડાવો લેનાર
માતુશ્રી મંજુલાબેન શામજી ટોકરશી ખોના-સુથરી



નુતન દીક્ષાર્થી ને પાત્રા અર્પણ નો ચડાવો લેનાર
માતુશ્રી લાખબાઈ દેવજી કુંવરજી ગોસર પરિવાર-બાયઠ



નુતન દીક્ષાર્થી ને ચેતનો - તરપણી અર્પણ નો ચડાવો લેનાર
માતુશ્રી ભચીબાઈ હરશી નાગશી લોડાયા-રાપરગઢવારી - ભાંડુપ



નુતન દીક્ષાર્થી ને કપડા અર્પણ નો ચડાવો લેનાર
શેઠશ્રી મુરજી રાઘવજી લોડાયા-સાંધવ



જ્ઞાન ની પોથી સાથે જયશ્રીબેન દંડ



મેઘ નંદુ



મુરજી રતનશી ગોશર પરિવાર



માતુશ્રી લીલબાઈ શીવજી લોડાયા જખૌ પરિવાર



દીક્ષાર્થી પરિવારનું બહુમાન કરતાં અધિકારીગણ




માતુશ્રી ભચીબાઈ હરશી નાગશી લોડાયા લાભાર્થી પરિવાર નું અભિવાદન કરતા અધિકારીઓ



આદિનાથ દાદાને દર્શન કરતા મુમુક્ષુ



દાદીના પગ ધોઈને ઋણ ચૂકવતી મુમુક્ષુ હેતલબેન



સંસારીક તિલક - માતા દ્વારા



માતા સાથે મુમુક્ષુ - સંસારીક વિદાય



દાદીમા ઝવેરબાઈ પદમશી કલ્યાણજી ખોના દ્વારા છેલ્લો કોળીયો



મધુબેન ડાઘા દ્વારા છેલ્લો કોળીયો



પિતાશ્રી અને તેમના ભાઈઓ દ્વારા છેલ્લો કોળીયો



પરિવારજનો દ્વારા છેલ્લો કોળીયો



ડોલીમાં સંસારી વિદાય



મુમુક્ષુ ને વધાવતા કુંવરજીભાઈ



માતા – પિતા – દાદીમાં – બેન – બનેવી દ્વારા છેલ્લો કોળીયો



દાદીમાં – બેન – બનેવી દ્વારા છેલ્લો કોળીયો.



મનોજભાઈ પરિવાર દ્વારા છેલ્લો કોળીયો



મુમુક્ષુ ને વધાવતા નેણશીભાઈ



પિતાશ્રી અને પરિવારજનો સાથે મુમુક્ષુ



પિતાશ્રી અને પરિવારજનો સાથે મુમુક્ષુ



મુમુક્ષુને ફુલોથી વધાવતા ભક્તજનો



છેલ્લો કોળીયો



મુમુક્ષુ ના માતા-પિતા દ્વારા આ. ભગવંત ને ઓઘો અર્પણ



પ્રમુખશ્રી કલ્પેશભાઈ મોતા




મુની ભગવંતો ને યતિશ્રી



અધિકારી અને મહાનુભાવો



મહાનુભાવો



પ્રસન્ન મુદ્રામાં મુમુક્ષુ



સિધ્ધચક્ર પૂજન ને વક્તે વેશ પરિધાન માં મુમુક્ષુ



મુમુક્ષુ દ્વારા ચામર નૃત્ય



રેશાબેન (મુમુક્ષુ) દ્વારા હેતલબેન (મુમુક્ષુ) ને તિલક





મુમુક્ષુ સાથે કુમાર દંડ અને તોરલ દંડ

## મુમુક્ષુ નું હસતે મુખે સંયમ પંથ તરફ પ્રયાણ



છેલ્લું તિલક નવલબેન ભાણજી પાસડ પરિવાર



વિદાય લેતા મુમુક્ષુ



નેહલબેન મુમુક્ષુ ને હેતલબેનનું તિલક



ઓઘો અર્પણ



ઓઘો મળતાંજ મુમુક્ષુ દ્વારા નૃત્ય



નુતન દીક્ષાર્થી



નુતન દીક્ષાર્થી



નુતન દીક્ષાર્થી



નુતન દીક્ષાર્થી





દીક્ષા સમયે હાજરી

દીક્ષા સમયે હાજરી





કાર્યકર્તાઓ



કાર્યકર્તાઓ ના ઉત્સાહ



અશોક ચવ્હાણ
સી. ઈન્સ્પેક્ટર નું બહુમાન કરતાં અધિકારીગણ



કુમાર દંડ ને આશિર્વાદ આપતા આ. ભગવંત



અનંતસિધ્ધી ના રહેવાસીઓ તરફથી સાંજી માં
અનંતમિત્ર મંડળ ના સભ્યો



મુમુક્ષુ ના ઉપકરણોની છાબ



દીક્ષા પ્રસંગે હાજરી



અનંત સિધ્ધિના રહેવાસીઓ દ્વારા અનુમોદના



દીક્ષા પ્રસંગે હાજરી



અનંત સિધ્ધિના રહેવાસીઓ દ્વારા અનુમોદના



ભાંડુપ ક્ષેત્રના વિધાન સભ્ય અશોક પાટીલનુંબહુમાન અને આશીર્વાદ ઉદ્‌બોધન



અધિકારી ગણ દ્વારા આભાર, અનુમોદના, મિચ્છામી દુક્કડમ્



નરેન્દ્ર નંદુ - લાક્ષણીક અદા સાથે

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

શુભાશીષ - આશીષવર્ષા

જન્મ :
તા. ૨૯/૫/૧૯૪૯
અરિહંત શરણ :
તા. ૧૧/૫/૨૦૧૪



**શ્રી વિનોદ રાયચંદ ધુલ્લા**
જૈન સમાજરત્ન

**તા. ૧૧/૫/૨૦૧૫ ના**
**પ્રથમ પૂણ્યતિથી નિમિતે**

# ચૌક
# નામકરણ સમારંભ



અચલગચ્છાધિપતિ આ.ભ.
**શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**
ની અદશ્ય કૃપા

મસ્જીદબંદર સ્થિત શ્રી અનંતનાથ જૈન દેરાસરની બાજુમાં, નરશીનાથા સ્ટ્રીટ અને
અભેચંદ ગાંધી માર્ગના ચૌકને

**''સમાજસેવક શ્રી વિનોદભાઈ રાયચંદ ધુલ્લા ચૌક''**

બૃન્હમુંબઈ મહાનગરપાલિકા દ્વારા નામકરણ કરવામાં આવશે.

**સ્થળ :** અનંતનાથ જૈન દેરાસર, મસ્જીદ બંદર, મુંબઈ-૯.
**રવિવાર, તા. ૧૦-૦૫-૨૦૧૫, સમય : સવારના ૯.૩૦ કલાકે**

શુભ નિશ્રા : **આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.** તથા **ગણીવર્ય શ્રી કવિન્દ્રસાગર મ.સા**
આશિર્વચન : **યતિવર્ય શ્રી મોતિસાગરજી મ.સા.**

ઉદ્‌ઘાટક : **શ્રી મિલિંદ દેવરા** (ભૂતપૂર્વ યુનિયન મિનિસ્ટર) તથા **શ્રી અમીન પટેલ** (આમદાર)
ના વરદહસ્તે નામકરણ વિધી.
સમારોહ પ્રમુખ : **શ્રી જાવેદ જુનેજા** - ચેરમેન : (A,B,E Ward) પ્રભાગ કમિટી

-: મુખ્ય મહેમાન :-

**શ્રી ચંપાલાલભાઈ વર્ધન** (પ્રમુખ : ઓલ ઈન્ડિયા જૈન શ્વેતાંબર કોન્ફરન્સ)
**શ્રી કલ્પેશભાઈ મોતા** (પ્રમુખ : કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ)
**શ્રી હેમરાજભાઈ ગોસર** - ટ્રસ્ટીશ્રી, શ્રી અનંતનાથજી મહારાજ દેરાસરજી અને તેના સાધારણ ફંડોનુ ટ્રસ્ટ
**શ્રી કિરીટભાઈ લાપશીયા** - ટ્રસ્ટી, શ્રી ક.દ.ઓ. જૈન સમસ્ત મહાજન
**શ્રી જયંતભાઈ સોની** - જૉય ગ્રુપ
**શ્રી શામજીભાઈ દંડ** - પ્રમુખશ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘ
**શ્રી દિપકભાઈ ગોસર** - પ્રમુખશ્રી અચલગચ્છ જૈન સંઘ, મુલુન્ડ
**શ્રી જયંતીભાઈ શાહ** - ચેરમેન, મુંબઈ જૈન પત્રકાર સંઘ

-: શુભેચ્છક :-

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**
**શ્રી અનંતનાથજી મહારાજ દેરાસરજી અને તેના સાધારણ ફંડોનુ ટ્રસ્ટ**

-: લિ. :-

**માતુશ્રી લક્ષ્મીબાઈ રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી / મુલુન્ડ**
મોબાઈલ : ૯૯૨૦૯ ૩૪૭૮૯ / ૯૮૨૦૧ ૮૦૦૭૪ / ૯૯૩૦૯ ૨૨૩૬૬
E-mail : khushal.dhulla@aarkays.com

## ધર્માનુરાગી – સેવામુર્તિ સપૂત ને શ્રધ્ધાંજલિ.



### શેઠશ્રી રાયચંદ હંસરાજ ધરમશી

સ્વભાવમાં સૌમ્યતા, સૌ પ્રત્યે સ્નેહ સાથે સહયોગી થવાની સદભાવના અને ગામ સમાજ શાસનનાં કાર્યમાં તન – મન – ધનથી સમર્પિત રહેનાર ઉદારદિલ ધરાવનાર સમાજરત્ન, શેઠશ્રી રાયચંદ હંસરાજ ધરમશી (સુથરી – વરલી) સંસ્મર્ણોમા સદાય ચિરંજીવી રહેશે. સદગત શ્રીના કાર્યની અનુમોદના સહ – આપનો આત્મા જયાં પણ હોય ચિર શાંતિને પ્રાપ્ત કરે એજ દાદા આદેશ્વર ભગવાને પ્રાર્થના.

**શ્રી. કચ્છી દશા ઓસવાલ જૈન જશાપુર મહાજન**

## હાર્દિક અભિનંદન



### શ્રી. કલ્પેશભાઈ માણેકજી મોતા
રાપરગઢવારી – ઘાટકોપર

શ્રી. ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ ના પ્રમુખ પદે ચુંટાવા બદલ હાર્દિક અભિનંદન ખંત, ખમીરવંત, ખુમારી ધરાવનાર એવા શ્રી કલ્પેશભાઈ, આપના, નેજા હેઠળ જ્ઞાતિનાં કાર્યો આગળ વધારવા પ્રગતિ ની શુભ કામના.

**શ્રી. કચ્છી દશા ઓસવાલ જૈન જશાપુર મહાજન ટ્રસ્ટીગણ**

શ્રી. મોતીચંદ ભવાનજી ધરમશી – ચેમ્બુર
શ્રી. કલ્પેશ માણેકજી છેડા – જલગામ
શ્રી. સોમચંદ કુંવરજી મોતા – ડોંબીવલી
શ્રી. ગૌતમ ગીરીશભાઈ ધરમશી – મુલુન્ડ
શ્રી. હિરેન લખમશી ધરમશી – મૂલુન્ડ

Jain monks only stay at one place for four months that is during Chaturmas. Otherwise they always move form one place to another. They do not use any vehicle for travelling but they walk from place to place. This is known as 'Vihar'.

**જૈન સાધુ શ્વેત વસ્ત્ર ધારણ કરે છે.**

Jain sadhu wear white clothes.

**રજોહરણ અને મુહપત્તી એ સાધુના બે મહત્વના ઉપકરણો છે જે તેઓ સદા પોતાની પાસેજ રાખે છે. રજોહરણને ઓઘો પણ કહેવાય છે.**

Two very important things which Sadhu always keep with themselves are 'Rajoharan' and 'Muhapatti'. Rajoharan is also known as 'Ogho'.

**જૈન સાધુ**



***Jain Sadhu***

